ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૫-૦૧-૨૦૨૬**

**પૂ. મહાત્મા ગાંધીજીના અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા કોચરબ આશ્રમ - સત્યાગ્રહ આશ્રમમાં ખાનગી લગ્ન કાર્યક્રમ યોજવા એ ગાંધી વિચાર અને ગાંધી વિરાસત પર સીધો પ્રહાર છે.** ત્યારે ગાંધી વિચાર, ગાંધી વિરાસત, ગાંધી વારસાને નુકસાન પહોંચાડે તેવા કાર્યક્રમ અંગે સત્તાધીશોની માનસિકતા પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સત્યાગ્રહ આશ્રમના સત્તાધીશો જે રીતની પધ્ધતિ અપનાવી રહ્યાં છે તે દુઃખદ છે. કોચરબ આશ્રમ ભારતની આઝાદીની ચળવળના નેતા ગાંધીજી દ્વારા શરૂ કરેલો પ્રથમ આશ્રમ હતો. ૨૫ મે, ૧૯૧૫ના રોજ તેની સ્થાપના કરાઈ હતી. દક્ષિણ આફ્રિકાથી આવ્યા પછી, તેમના દ્વારા શરૂ કરેલ પ્રથમ આશ્રમ હતો. વિદ્યાર્થીઓ-નવયુવાનો માટે સત્યાગ્રહ, સ્વરોજગાર, સ્વદેશી ચીજોના હિમાયતી, ગરીબો, મહિલાઓ અને અસ્પૃશ્યોના ઉધ્ધાર માટેના કાર્યો, જાહેર શિક્ષણ, જાહેર શૌચાલય અંગેના ગાંધીજીના વિચારોના અભ્યાસ માટેનું મુખ્ય કેન્દ્ર હતું. સત્યાગ્રહ આશ્રમનું નિર્માણ સાદગી, સ્વાવલંબન, સમાનતા, સ્વદેશી વસ્ત્રો, આત્મશુધ્ધી જેવા સિદ્ધાંતો પર કરાયું હતું ત્યારે લગ્ન જેવા વૈભવી અને ખાનગી વ્યક્તિગત કાર્યક્રમો આશ્રમના આ સિદ્ધાંતોની વિરુદ્ધ છે, કારણ કે **સત્યાગ્રહ આશ્રમ કોઈ વ્યક્તિગત ઉજવણીનું સ્થળ નહીં, પરંતુ રાષ્ટ્રીય સેવા અને સત્યાગ્રહનું કેન્દ્ર** હતું. આવા કાર્યક્રમથી આશ્રમની પવિત્રતા અને શાંતિ ભંગ થાય છે, જે ગાંધીજીના વિચારોનું અપમાન છે. કોચરબ આશ્રમ ગાંધીજીનું ભારત પરત ફર્યા પછીનું પ્રથમ આશ્રમ છે જેને હાલમાં સ્મારક અને મ્યુઝિયમ તરીકે સંરક્ષિત કરવામાં આવ્યું છે, આ સ્થળ રાષ્ટ્રીય વારસો છે, જ્યાં ગાંધીજીએ સ્વતંત્રતા સંગ્રામના પ્રયોગો કર્યા હતા. અહીં **ખાનગી પાર્ટી અથવા લગ્ન જેવા કાર્યક્રમો માટે મંજૂરી આપવી એ વિરાસતનું વ્યાપારીકરણ છે.** આવા કાર્યક્રમોની મંજૂરી કોણે આપી તે પ્રશ્ન મહત્વનો છે, કારણ કે આશ્રમનું સંચાલન ગુજરાત વિદ્યાપીઠ અને સરકારી ટ્રસ્ટ હેઠળ છે. તેને વ્યક્તિગત ઉપયોગ માટે નહીં.

આ ઘટના રાષ્ટ્ર માટે દુઃખદ છે, કારણ કે ગાંધીજીના આશ્રમોને વૈભવી કાર્યક્રમોના સ્થળ બનાવવાથી તેમના સિદ્ધાંતો અને વારસાનું અવમૂલ્યન થાય છે. **છેલ્લા ઘણા સમયથી સુનિયોજીત રીતે ગાંધીજીના ઐતિહાસિક વારસા-વિરાસતને નુકસાન થાય, ગાંધી વિચારને દબાવવાનો અને નુકસાન થાય તેવા કાર્યક્રમો થઈ રહ્યાં છે. તે રાષ્ટ્ર અને રાજ્ય માટે ચિંતાનો વિષય છે.** ગાંધીજીના આદર્શોને જીવંત રાખવાને બદલે તેને નુકસાન થાય તેવી રીતે કામ થઈ રહ્યું છે. આ મામલે તાત્કાલિક તપાસ અને જવાબદારી નક્કી કરવી જરૂરી છે અને ભવિષ્યમાં સત્યાગ્રહ આશ્રમ સહિત ઐતિહાસિક વિરાસત, ધરોહરની જાળવણી માટે નીતિ નિયમોનો કડક અમલ કરીને આવા ખાનગી કાર્યક્રમોથી બચાવવામાં આવે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડિયા કન્વીનર અને પ્રવક્તા